ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા.૨૫-૦૯-૨૦૨૪

- **શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્સનમાં રોકાણ કરતા લોકોના કરોડો રૂપિયા છેલ્લા ત્રણ વર્ષથી કેમ ધોવાઈ રહ્યા છે?**
- **વર્ષ ૨૦૨૪માં શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્સનમાં ગુજરાતના ૧૦ લાખથી વધુ રોકાણકારોને ૮૮૦૦ કરોડ જેટલી માતબર રકમ ધોવાઈ ગઈ: રોકાણકારોની મૂડી ધોવાણમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે.**
- **ફ્યુચર એન્ડ ઓપ્સનમાં કરવામાં આવેલ ફેરફાર બાદ અધધ લોકોના કરોડો રૂપિયા સતત ત્રણ વર્ષ ડૂબી જવા પાછળ જવાબદાર કોણ? આ સમગ્ર વિષયની સીબીઆઈ તપાસની માંગ**

શેરબજારમાં રોકાણકારોના નાણાં સહિતનું નિયમન કરતી સંસ્થા સેબી (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા)ના ફ્યુચર એન્ડ ઓપ્સનમાં કરવામાં આવેલ ફેરફાર બાદ નાનાં રોકાણકારોના કરોડો રૂપિયા સતત ત્રણ વર્ષ ડૂબી જવા પાછળ જવાબદાર કોણ? તેની સીબીઆઈ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેંકરએ જણાવ્યું હતું કે પરિવારના બચત, મહેનતના રૂપિયા, નિવૃત કર્મચારીનું ફંડ સહીતની પરસેવાની મૂડી શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્સનમાં રોકાણ કરતા લોકોના કરોડો રૂપિયા છેલ્લા ત્રણ વર્ષથી કેમ ધોવાઈ રહ્યા છે? જાણીતા રોકાણકાર વૉરેન બફેટે F&Oને સામુહિક સંહારના હથિયાર ગણાવ્યા હતા જે વાત ભારતીય રોકાણકારોના સંદર્ભમાં સાચી સાબિત થઈ રહ્યું છે. દેશમાં વર્ષ ૨૦૨૪માં શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્સનમાં સરેરાશ ૧.૨૦ લાખ પ્રતિ વ્યક્તિ નુકશાન જયારે ગુજરાતના ૧૦ લાખથી વધુ રોકાણકારોને સરેરાશ ૮૮૦૦૦ જેટલું નુકશાન થયું. વર્ષ ૨૦૨૪માં શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્સનમાં ગુજરાતના રોકાણકારોને ૮૮૦૦ કરોડ જેટલી માતબર રકમ ધોવાઈ ગયા. સેબીના પ્રોફિટ એન્ડ લોસ રીપોર્ટ અનુસાર ૧૦ રોકાણકારોમાંથી ૯ રોકાણકારો નુકશાની વેઠી રહ્યા છે. રોકાણકરોની મૂડી ધોવાણમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. જે ચિંતાનો વિષય છે.

કેન્દ્ર સરકારની દાનત રોકાણકારને થતા નુકસાનને રોકવા અંગે કોઈ નક્કર પગલા લેવાને બદલે કેમ કરીને પોતાની તિજોરી ભરવી તેમ STT 'સિક્યુરિટી ટ્રાન્જેક્શન ટેક્સ'નો બજેટમાં વધારો કરી દીધો છે. ગુજરાતમાં ફ્યુચર એન્ડ ઓપ્સનમાં વર્ષ ૨૦૨૨ના તુલનામાં વર્ષ ૨૦૨૪ રોકાણકારોનો ૧૦૭ ટકાનો વધારો થયો છે. દેશમાં વર્ષ ૨૦૨૨માં ૫૧ લાખ રોકાણકારો હતા જે વર્ષ ૨૦૨૪માં ૯૬ લાખ થઈ ગયા એટલે કે બમણા જેટલો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૪માં ફ્યુચર એન્ડ ઓપ્સનમાં દેશમાં ૪૨ લાખ અને ગુજરાતમાં ૩.૨૬ લાખ નવા ટ્રેડર્સ જોડાયા. દેશમાં વર્ષ ૨૦૨૩માં ૧.૪૩ સરેરાશ નુકશાન ૧.૨૦ લાખ પ્રતિવ્યક્તિ અને વર્ષ ૨૦૨૨માં સરેરાશ નુકશાન ૧.૩૦ લાખ પ્રતિવ્યક્તિ હતું. ગુજરાતના રોકાણકારોનું વર્ષ ૨૦૨૪માં ૯૨.૧ સરેરાશ ૪૬૦૦૦નું નુકશાન થયું છે. સેબી (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા) કયા પગલા લેવામાં આવ્યા છે? બે દાયકાથી ચાલતી વ્યવસ્થાને શું ચોક્કસ લોકોને ફયદો કરવા માટે બદલવામાં આવી? શું રોકાણકારો ક્યાં, કેટલું રોકાણ કરી રહ્યા છે તેનો ડેટા લીક થઈ રહ્યો છે જેથી ચોક્કસ લોકોને જ ફાયદો થાય?, ફ્યુચર એન્ડ ઓપ્સનમાં કરવામાં આવેલ ફેરફાર બાદ અધધ લોકોના કરોડો રૂપિયા સતત ત્રણ વર્ષ ડૂબી જવા પાછળ જવાબદાર કોણ? આ સમગ્ર વિષયની સીબીઆઈ તપાસ કરવામાં આવે તેવી કોન્ગ્રેસ પક્ષ માંગ કરે છે.

| એફએન્ડઓ રોકાણકારમાં સૌથી વધુ નુકસાન કરતા રાજ્યો | રોકાણકારોની સંખ્યા | પ્રતિવ્યક્તિ સરેરાશ નુકશાનની રકમ |
|---|---|---|
| મહારાષ્ટ્ર | ૧૮.૮ લાખ | ૭૪૦૦૦ |
| ગુજરાત | ૧૦.૧ લાખ | ૮૮૦૦૦ |
| ઉત્તર પ્રદેશ | ૯.૩ લાખ | ૭૩૦૦૦ |
| રાજસ્થાન | ૫.૪ લાખ | ૮૩૦૦૦ |

હિરેન બેન્કર,
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ.
૯૭૨૩૫૫૦૩૫૫